સત્य मेव जयते

દાખલતારીખ :
નોંધ્યા તારીખ :
ફેસલ તારીખ :
સમયગાળો : <u>વર્ષ.માસ.દિવસ.</u>

## <u>ગરબાડાના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ શ્રીની અદાલતમાં, મુ. ગરબાડા.</u>

**સીવીલ પરચુરણ અરજી નં.૦૧/૨૦૧૯**

અરજદાર :- (૧) ચેનીયાભાઈ બીજીયાભાઈ ખરાડ,
(૨) વરદીબેન બીજીયાભાઈ ખરાડ,
(૩) ભુરાભાઈ લાલજીભાઈ ખરાડ,
(૪) જોખલીબેન લાલજીભાઈ ખરાડ,
તમામ રહે. ટુંકી વજુ, તા.ગરબાડા, જી. દાહોદ.

<u>-:: વિરુઘ્ઘ : :-</u>

સામાવાળા :- <u>(૧) સ્વ. હુમલા ઝાપડા ખરાડના વારસો-</u>
૧/૧ કનુભાઈ હુમલાભાઈ ખરાડ,
૧/૨ ચંદુભાઈ હુમલાભાઈ ખરાડ,
૧/૩ શંકરભાઈ હુમલાભાઈ ખરાડ,
૧/૪ રાજુભાઈ હુમલાભાઈ ખરાડ,
૧/૫ વિરસીંગભાઈ હુમલાભાઈ ખરાડ,
૧/૬ કલ્યાણભાઈ હુમલાભાઈ ખરાડ,
૧/૭ શારદાબેન હુમલાભાઈ ખરાડ,
(૨) મંગુભાઈ ઝાપડાભાઈ ખરાડ,
(૩) નન્નુભાઈ ઝાપડાભાઈ ખરાડ,
(૪) દિતાભાઈ ઝાપડાભાઈ ખરાડ,
(૫) મડુભાઈ ઝાપડાભાઈ ખરાડ,
તમામ રહે. ગારખાયા, તા.જી.દાહોદ.
(૬) દિતાભાઈ ભુરાભાઈ ખરાડ,
(૭) લાલાભાઈ વેસ્તાભાઈ ખરાડ,
(૮) મડયાભાઈ ભુરાભાઈ ખરાડ,

(૯) બદુભાઈ વેસ્તાભાઈ ખરાડ,
(૧૦) લલ્લુભાઈ બાવલાભાઈ ખરાડ,
તમામ રહે. ગડોઈ, તા. જિ. દાહોદ.

**-: આંક-૧ નીચે હુકમ :-**

(૧) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર ગરીબ આદીવાસી ઈસમ હોઈ, તેમના કુટુંબનુ ભરણ પોષણ કરવા મજુરી માટે બહાર ગામ જતા રહેલ અને તેમના વકીલ શ્રી પણ શરતચુકથી હાજર નહીં રહેતા અને તેથી તેઓ નામ. કોર્ટમાં રે. મુ. નં.૦૩/૨૦૧૦ માં હાજર રહી શકેલ નહી. જેથી નામ કોર્ટે અરજદારનો દાવો ડીસમીસ કરી દીધેલો. વધુમાં અરજદારનો ઉપરોકત દાવો ફરીથી બોર્ડ ઉપર લેવામાં ન આવે તો અરજદારના હકકને ઘણું મોટું નુકશાન થાય તેમ છે. જેથી અરજદારને હાલની અરજી કરવી પડેલ છે. જેથી ઉપરોકત સંજોગોમાં તેઓનો દાવો રીસ્ટોર કરવાનો હુકમ ફરમાવવા અરજ ગુજારેલ છે.

(૨) અરજદારની અરજી સબબ સામાવાળાના વિ. વકીલ શ્રી પી. બી. ગાલીચાવાલા આંક-૬ થી પુરસીસ આપી જાહેર કરેલ છે કે, સદર કામમાં તેઓએ અગાઉ જે જવાબ આપેલ છે, તેજ જવાબ હાલમા પણ ગણવા રજુઆત કરેલ છે. વધુમા સામાવાળા તરફે મૌખિક દલીલ કરવામા આવેલ છે. સદરહું મૌખિક દલીલમા તેઓએ તેમના અગાઉના આંક:૦૭ વાળા જવાબનું મુખ્યત્વે પુનરાવર્તન કરતા રજુઆત કરેલ છે કે, અરજદારોએ દાવાનાં કામે તેમની ગેરહાજરી સબબ કોઈ પુરાવો રજુ કરેલ નથી. કહેવાતી તારીખોમાં ખેતીની સીઝન ચાલતી હતી અને ઘંઉ ચણા વિગેરેનાં વાવેતર હતા. ઉપરાંત અરજદારો પૈકી કોઈક વ્યકિત ખેતીની જાળવણી માટે હાજર જ હોય અને સરતપાસ આપ્યા પછી ઉલટતપાસમાં હાજર રહેવાનું હોય છે, તેની જાણ હોવા છતા અરજદાર લાંબા સમયથી કોર્ટમાં હાજર રહેલ નથી. જેથી અરજદારોની નિષ્કાળજી અને બેદરકારી હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, સદર દાવો ડીસમીસ થઈ ગયેલ છે. આમ અરજદાર દાવો ચલાવવામાં રસ ધરાવતા નથી. પરંતુ માત્ર અને માત્ર સમય પસાર કરી રહેલ છે અને સામાવાળાઓને દબાણમાં લઈ તેઓની જમીન પચાવી પાડવા માંગે છે. જેથી ઉપરોકત રજુઆતો ધ્યાને લેતા અરજદારની અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) ત્યારબાદ, અરજદારના વિ. વકીલ શ્રી ટી. આર. સોનીને સાંભળવામાં આવેલ છે. અરજદારના વિ. વ. શ્રીએ તેઓની અરજી મુજબની રજુઆત કરી તેઓની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

(૪) અરજદારની અરજી તથા રેકર્ડ ધ્યાને લેતાં અરજદાર દવારા દાખલ કરવામાં આવેલ રે. મુ. નં.૦૩/૨૦૧૦ ને તા.૨૧/૦૨/૨૦૧૭ નાં રોજ અરજદારની ગેરહાજરીનાં કારણે તેઓનો દાવો ડીડી કરવામાં આવેલ છે. અરજદારોએ તેઓનો દાવો ડીડી થયા બાદ તેને ફરી ફાઈલે લેવા દિન–૩૦ માં અરજી કરવી જોઈએ. પરંતુ અરજદારને ૧ વર્ષ અને ૪ માસનો વિલંબ થયેલ છે. જેથી અરજદારોએ વિલંબ માફ કરવા માટે અદાલત સમક્ષ સી. પ. અ. નં.૦૬/૨૦૧૮ થી અલાયદી અરજી દાખલ કરેલ હતી. જે અરજીનાં કામે અદાલત દવારા અરજદારોની વિલંબ માફ કરવાની અરજી મંજુર કર્યા બાદ, હાલની અરજી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે.

(૫) અરજદારની અરજી તથા રેકર્ડ ધ્યાને લેતાં અરજદાર ગરીબ આદીવાસી ઈસમ હોઈ, તેમના કુટુંબનુ ભરણ પોષણ કરવા મજુરી માટે બહાર ગામ જતા રહેલ અને તેમના વકીલ શ્રી પણ શરતચુકથી નામ. કોર્ટમાં રે. મુ. નં.૦૩/૨૦૧૦ માં હાજર રહી શકેલ નહી અને તેનાં કારણે નામ. કોર્ટ દવારા તેઓનો દાવો ડીડી કરવામાં આવેલ છે. સદરહું હકિકત ધ્યાને લેતા અરજદારોએ તેઓની અરજીમાં નામ. કોર્ટમાં ગેરહાજર રહેવા માટે જે કારણ જણાવેલ છે તે યોગ્ય જણાતુ હોય તેમજ **A.I.R. 1981 S.C. 1400 and 1994 G.L.R. Page No. 910** ચુકાદામા ઠરાવ્યા પ્રમાણે વાદીના વિ.વ.શ્રીએ મુદત રીપોર્ટ રજુ કરેલ નથી જે ભુલનો ભોગ વાદી ન બને તે જોવુ પણ જરૂરી છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદા **Patel Karshanbhai Dwarkadas V/s State of Gujarat reported in 1994 (1) G.L.R. 810** માં પણ ઠરાવેલ છે કે Dismissal for default. Liberal view should be taken. Litigating public should not suffer for the default of the advocate.

તદઉપરાંત નામ. વડીઅદાલત અને સર્વોચ્ચ અદાલતનાં ચુકાદાઓ પણ ધ્યાને લેતા અરજદારનાં વકીલની ભુલનો ભોગ અરજદાર ન બને તે જોવુ પણ ખુબજ જરૂરી છે. વધુમાં

અરજદારની હાલની અરજી ફરી ફાઈલે લેવામાં આવે તો સામાવાળાઓને તેનાથી કોઈ નુકસાન જાય તેમ નથી. પરંતુ જો દાવો ફરી ફાઈલે લેવામાં ન આવે તો અરજદારોનો કાયદેસરનો હકક માર્યો જાય તેમ છે, જેથી તેવા સંજોગોમાં પક્ષકારો વચ્ચેની તકરારનો નિર્ણય ગુણદોષ ઉપર આવે તે ખૂબ જ જરૂરી હોઈ, અરજદારની હાલની અરજી મંજૂર કરવાને પાત્ર હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: આ ખ રી હુ ક મ :: –**

- અરજદારોની અરજી મંજુર કરવામાં આવે છે.
- અરજદાર–વાદીઓનો દાવો ફરી ફાઈલે લેવાનો હુકમ કરવામાં આવે છે.
- અરજદારોએ સામાવાળાઓને રૂા.૨૦૦૦/–(અંકે રૂપીયા બે હજાર પુરા) કોસ્ટ ચુકવી આપવા હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૩૧ મી, માંહે : માર્ચ, સને : ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૧/૦૩/૨૦૨૧.
સ્થળ : ગરબાડા.

(કપિલ રાજમણી યાદવ )
પ્રિન્સીપાલ સીવીલ જજ,
ગરબાડા.
કોડનં.જી.જે.૦૧૪૨૧.